ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ઠરાવ ક્રમાંક-ઇએસટી/૧૦૨૦૧૭/૧૫૪૭૨૫/ઇ(૩)
સચિવાલય, ગાંધીનગર,
તા. ૧૫/૩/૨૦૧૭

વંચાણે લીધા:-

(૧) સામાન્ય વહિવટ વિભાગનો તા.૧૫/૨/૦૧ નો ઠરાવ ક્રમાંક:-આરઆર/૧૦૨૦૦૦/ જી.ઓ.આઇ.૭/ ગ(૨)

(૨) આ વિભાગનો તા.૧૨/૬/૦૯ નો ઠરાવ ક્રમાંક- નવબ/૧૧૦૮/૬/ઇ

(૩) આ વિભાગનો તા.૧૯/૯/૦૯ નો ઠરાવ ક્રમાંક- નવબ/૧૧૦૮/૬/ઇ

(૪) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૨૯/૪/૧૪ નો પત્ર ક્રમાંક:-અપગ/ ૧૦૨૦૧૪/૩૮૭૨૭/રો-૧ તથા પેટા તજજ્ઞ સમિતિની તા.૨૮/૩/૧૪ અને તા.૧૯/૪/૧૪ ની કાર્યવાહી નોંધ.

## ઠરાવ

આ વિભાગના ગુજરાત ઇજનેરી સેવા, વર્ગ-૧ અને ૨ તેમજ સામાન્ય રાજ્ય સેવા, વર્ગ-૧ અને ૨ ના જુદા જુદા સંવર્ગોની જગ્યાઓના સંબંધે વંચાણે લીધેલ સંદર્ભ (૨) અને (૩) હેઠળના ઠરાવથી ઠરાવમાં નિર્દિષ્ટ સંવર્ગો માટે શારિરિક જરુરિયાત અને અનુકુળ વિકલાંગતા નિયત કરવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | શારિરિક જરુરિયાત | અનુકુળ વિકલાંગતા |
|---|---|---|---|
| ૧ | ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૧ | ST. S. SE. BN. MF. W. KC.C. | OA. OL. HH. |
| ૨ | સંશોધન અધિકારી, વર્ગ-૧ | MF. SE. H. RW. | OL. HH. |
| ૩ | નાયબ કાર્યપાલક ઇજનેર (યાંત્રિક), વર્ગ-૨ | ST. S. BN. W. SE. | OL. OA. HH. |
| ૪ | ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ | ST. S. BN. W. SE. | OL. OA. HH. |
| ૫ | મદદનીશ સંશોધન અધિકારી, વર્ગ-૨ | ST. S. BN. W. SE. | OL. OA. HH. |

ABBREVIATIONS USED IN RESOLUTION
ST=Standing, S=Sitting, SE=Seeing, B=Blind, MF=Manipulation by Fingers, W=Waking, KC=Kneeling & Croutching, C=Communication, OA=One Arm, OL=One Leg, HH=Hearing Handicapped, H=Hearing, RW=Reading & Writing, BN=Bending

સામાન્ય વહિવટ વિભાગના વંચાણે લીધેલ સંદર્ભ (૧) હેઠળના ઠરાવથી વિકલાંગતાની દરેક કેટેગરીને નીચે મુજબ ૪ જુથમાં વહેંચવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| (a) | Mild | Less than 40% |
| (b) | Moderate | 40% and above disability |

| | | |
|---|---|---|
| (c) | Severe | 75% and above disability |
| (d) | Profoun/Total | 100% |

સામાન્ય વહિવટ વિભાગના વંચાણે લીધેલ સંદર્ભ (૧) હેઠળના તા.૧૫/૨/૦૧ ના ઠરાવની જોગવાઇ મુજબ ઉક્ત પાંચ સંવર્ગોમાં HH ની અનુકૂળ વિકલાંગતાની માત્રા નિયત કરવામાં આવેલ નથી.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના વંચાણે લીધેલ સંદર્ભ (૪) હેઠળના પત્ર અને તે સાથેની સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની પેટા તજજ્ઞ સમિતિની તા.૨૮/૩/૧૪ અને તા.૧૯/૪/૧૪ ની બેઠકની કાર્યવાહી નોંધમાં થયેલ ઉલ્લેખ મુજબ જે સંવર્ગમાં B. LV અને H.H. ની વિકલાંગતા હોય ત્યાં હાલની આધુનિક ટેકનોલોજીને ધ્યાને લઇને ૪૦% કે તેથી વધુ અને ૧૦૦% સુધીની (Profound/Total) વિકલાંગતા ધરાવતા હોય તેવા તમામ ઉમેદવારોને પાત્ર ગણવાના રહે છે.

આથી વંચાણે લીધેલ સંદર્ભ (૨) અને (૩) હેઠળના ઠરાવમાં દર્શાવેલ સંવર્ગો પૈકી નીચે દર્શાવેલ પાંચ સંવર્ગોમાં ૪૦% કે તેથી વધુ અને ૧૦૦% સુધીની (Profound/Total) વિકલાંગતા ધરાવતા હોય તેવા ઉમેદવારોને પાત્ર ગણવાના રહેશે તેમજ તેઓને શ્રવણની ખામી વાળા વિકલાંગો (H.H.) બાબતે ફકરા-૧ માં દર્શાવેલ તમામ પાંચ સંવર્ગો માટે ઉપર મુજબની વિગતે પાત્ર ગણવા આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | સંવર્ગ | શારિરિક જરુરિયાત | અનુકુળ વિકલાંગતા |
|---|---|---|---|
| ૧ | ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૧ | ST. S. SE. BN. MF. W. KC.C. | OA. OL. HH. |
| ૨ | સંશોધન અધિકારી, વર્ગ-૧ | MF. SE. H. RW. | OL. HH. |
| ૩ | નાયબ કાર્યપાલક ઇજનેર (યાંત્રિક), વર્ગ-૨ | ST. S. BN. W. SE. | OL. OA. HH. |
| ૪ | ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ | ST. S. BN. W. SE. | OL. OA. HH. |
| ૫ | મદદનીશ સંશોધન અધિકારી, વર્ગ-૨ | ST. S. BN. W. SE. | OL. OA. HH. |

વિકલાંગ ઉમેદવાર પસંદગી પામે તેને જે તે વિભાગ/કચેરીએથી જરુરી સહાય તાલીમ અને સાધનો (Aids Appliances) પુરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી. એન. ભાવસાર)

ઉપસચિવ

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ.

પ્રતિ,

*માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, ગુજરાત સરકાર.

*માનનીય મુખ્ય મંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

*માનનીય મંત્રીશ્રી)માર્ગ અને મકાન(ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
*માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી)જ.સં(.ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
*અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
*અગ્ર સચિવશ્રી)ક.ગ(., સામાન્ય વહિવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર .
*સચિવશ્રી)જ.સં(., નર્મદા, જળસંપતિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
*ખાસ સચિવશ્રી)જ.સં(., નર્મદા, જળસંપતિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
*નાયબ સચિવશ્રી)ક.ગ(.નર્મદા, જળસંપતિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
* નાયબ સચિવશ્રી(રોસ્ટર-૧), સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર).પત્ર દ્વારા (
*આસીસ્ટન્ટ જનરલ મેનેજરશ્રી)પર્સોનલ(, સરદાર સરોવર નર્મદા નિગમ લી., ગાંધીનગર.
*નિયામકશ્રી, ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા, વડોદરા .
*HRMS Cell, સામાન્ય વહિવટ વિભાગ, બ્લોક-૧/૮ મો માળ, સચિવાલય, ગાંધીનગર .
*સેક્શન અધિકારીશ્રી, એમઆઇએસ શાખા, નર્મદા, જળસંપતિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા વિનંતી સહ.
*સેક્શન અધિકારીશ્રી, ઇ, ઇ(૨), ઇ(૫), ફ, ગ, અને ગ(૨) શાખાઓ, નર્મદા, જળસંપતિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
*ના.સે.અ. સિલેક્ટ ફાઇલ.
*શાખા સિલેક્ટ ફાઇલ .